# ગવાછી




**વસતી વિષયક માહિતી**

કુલ ઘર-૩૬૯
કુલ વસતી-૧૮૧૧
પુરુષ-૮૬૬
મહિલા-૯૨૫



## આરોગ્ય સુવિધા પણ ઉપલબ્ધ

પહેલાંના સમયમાં તો કોઈ બીમાર પડે તો ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી વિસ્તાર તરફ દર્દીને લઈ જવાની નોબત આવતી હતી. પરંતુ છેલ્લા 2 દાયકામાં આરોગ્ય ક્ષેત્રે આમૂલ પરિવર્તન જોવા મળી રહ્યાં છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ થોડા થોડા અંતરે પીએચસી કે સીએચસી જોવા મળે છે. જેથી કોઈપણ દર્દીને પ્રાથમિક સારવાર સરળતાથી મળી રહે છે. ગવાછી ગામ પણ વિકાસની દિશામાં ગતિમાન છે. ત્યારે અહીં આરોગ્યની સુવિધા ઉપલબ્ધ બને એ માટે ગામમાં સબ સેન્ટર કાર્યરત છે. તેના નવા મકાનનું કામ હાલ ચાલી રહ્યું છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થતાં ગ્રામજનોને વધુ બહેતર આરોગ્ય સુવિધાઓ પ્રાપ્ત થઈ શકશે. ગ્રામ પંચાયતના ભવન નિર્માણનું કામ પણ પ્રગતિમાં છે, જે વહીવટી કાર્યક્ષમતામાં વધારો કરશે.

## સામાજિક અને સાંસ્કૃતિક જીવન

ગવાછી ગામ દેશભક્તિ અને ધાર્મિક આસ્થાના રંગે રંગાયેલું છે. ધાર્મિક કાર્યક્રમોની જેમ જ, ૧૫મી ઓગસ્ટના રોજ સ્વતંત્રતા પર્વની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવે છે, જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે આખા ગામના જમણવારનું પણ આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ગામના લોકો ઉત્સાહભેર ભાગ લે છે અને ધનરાજભાઈ કુમાવત, અરવિંદભાઈ અરેઠ સહિતના દાતાઓ દાન આપીને સહયોગ પૂરો પાડે છે. ગામમાં આવેલું ભવાની માતાનું પૌરાણિક મંદિર ગ્રામજનો માટે આસ્થાનું પ્રતીક છે. દર મહિનાની પૂનમે અને નવરાત્રિમાં અહીં ગ્રામજનો દ્વારા ભંડારા અને ડાયરાનું આયોજન કરવામાં આવે છે. એવી લોકવાયકા છે કે આ મંદિરમાં માનતા રાખવાથી કામો પૂરાં થાય છે, જેના કારણે આજુબાજુનાં ગામો અને શહેરોમાંથી પણ ભાવિક ભક્તો દર્શનાર્થે આવે છે. મંદિરમાં થતા કાર્યક્રમો દ્વારા ગામમાં એકતા જળવાઈ રહે છે, જે ગવાછીની સામાજિક સુમેળતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

## શિક્ષણ: ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ








ગવાછી ગામ શિક્ષણ ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. ગામમાં જિલ્લા પંચાયત સંચાલિત ત્રણ પ્રાથમિક શાળાઓ આવેલી છે. ગવાછી મુખ્ય શાળા, નવા ગવાછી પ્રાથમિક શાળા અને નાની ગવાછી પ્રાથમિક શાળા. આ ઉપરાંત, એક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા પણ ગામમાં જ ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓને ઉચ્ચત્તર માધ્યમિક સુધીનું શિક્ષણ ઘરઆંગણે જ મળી રહે છે. આ શાળા છેલ્લાં ત્રણ વર્ષથી બોર્ડનું ૧૦૦ ટકા પરિણામ આપી રહી છે, જે શિક્ષણની ગુણવત્તા દર્શાવે છે. ગામમાં ત્રણ આંગણવાડી પણ કાર્યરત છે, જે નાનાં બાળકોના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થાય છે. ગ્રામ પંચાયત સામાજિક જવાબદારીના ભાગરૂપે ગામની તમામ શાળામાં નવા દાખલ થતા વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ પૂરી પાડે છે. અત્યાર સુધીમાં અંદાજિત ૪૦૦ બેગનું વિતરણ કરવામાં આવ્યું છે. જો કે, ગ્રામ પંચાયત દ્વારા શાળામાં નવા ઓરડા બનાવવા અને સ્માર્ટ બોર્ડની પણ માંગણી કરવામાં આવી છે, જેના પર સરકાર ધ્યાન આપે તે જરૂરી છે. ગામની શાળાને સાંસદ પ્રભુ વસાવાની ગ્રાન્ટમાંથી સ્માર્ટ પેનલની ભેટ મળી છે અને અમેરિકાના એક દાતા દ્વારા મળેલા એક લાખ રૂપિયાના દાનમાંથી પણ સ્માર્ટ બોર્ડ બનાવવામાં આવ્યાં છે. અન્ય એક દાતાએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે આપેલા રૂ.૧.૮૨ લાખના દાનમાંથી વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરવામાં આવનાર છે, જે શિક્ષણ પ્રત્યેની સામૂહિક પ્રતિબદ્ધતા દર્શાવે છે. ગવાછી ગામે શિક્ષણ ક્ષેત્રે બે ગૌરવશાળી વ્યક્તિઓ પણ આપી છે. પ્રતિક્ષાબેન ચૌધરી કોલેજમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી રહ્યાં છે. જ્યારે સંગીતાબેન ચૌધરી દાહોદમાં વર્ગ-૨ના અધિકારી તરીકે કાર્યરત છે, જે સમગ્ર ગામ માટે પ્રેરણાદાયક છે.

## કૃષિ અને પશુપાલન: આર્થિક વિકાસના આધારસ્તંભ

આજે ટેક્નોલોજીનો વિકાસ થયો છે. એ સાથે ઉદ્યોગો આવતા નોકરીઓનું સર્જન થયું છે. પરંતુ ખેતી દક્ષિણ ગુજરાતના મહત્તમ ગામોમાં આજે પણ મુખ્ય વ્યવસાય છે. ખાસ કરીને બારડોલી અને માંડવી તાલુકામાં શેરડી અને શાકભાજી સહિતના વિવિધ પાકોનું ઉત્પાદન કરવામાં આવે છે. જેથી ખેડૂતો બે પાંદડે થયા છે. ગવાછી ગામનો મુખ્ય વ્યવસાય ખેતી છે, જેમાં નાના અને સીમાંત ખેડૂતોની સંખ્યા વધુ છે. આ ખેડૂતો મુખ્યત્વે શાકભાજી, શેરડી અને ડાંગર જેવા પાકોનું ઉત્પાદન કરે છે. ખેતી માટે નહેરનું પાણી ઉપલબ્ધ હોવાથી સિંચાઈમાં કોઈ મુશ્કેલી પડતી નથી. જેના કારણે ખેડૂતો સારો પાક લઈ શકે છે. ગામની નજીકમાં મઢી અને માંડવીમાં સુગર ફેક્ટરી આવેલી હોવાથી લોકો મોટી સંખ્યામાં શેરડીની ખેતી તરફ વળેલા છે. ગામની 70થી 80 ટકા જમીન પિયત છે. અહીં શાકભાજીમાં ખાસ કરીને પરવળ, ભીંડા જેવા પાકો લેવાય છે. જો કે, મજૂરોની અછત ખેડૂતો માટે એક મોટો પ્રશ્ન છે. પશુપાલન પણ ગામની અર્થવ્યવસ્થામાં મહત્ત્વનો ફાળો આપે છે. ગામમાં એક નહીં, પરંતુ ત્રણ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે. જાગૃતિ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી, નાની ગવાછી દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને ગવાછી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. આ મંડળીઓ દૈનિક ધોરણે કુલ આશરે ૧૬૦૦ લિટર દૂધ સીધું સુમુલ ડેરીમાં પહોંચાડે છે. જાગૃતિ મહિલા દૂધમંડળી દરરોજ લગભગ ૯૦૦ લિટર, નાની ગવાછી દૂધમંડળી ૪૫૦ લિટર અને ગવાછી દૂધ ઉત્પાદક સહકારી મંડળી ૨૫૦ લિટર દૂધ એકત્રિત કરે છે. આ દૂધમંડળીઓની સક્રિયતાને કારણે પશુપાલનનો વ્યવસાય મોટા પાયે વિકસ્યો છે. જે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે અને પશુપાલકોને રોજીરોટી કમાવવામાં મદદ કરે છે.





વર્ષાબહેન નિતેશભાઈ વસાવા...ડે.સરપંચ

## લિંગ અનુપાતમાં ગવાછી ગામ આગળ

સામાન્ય રીતે ભારતીય સમાજમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં પુરુષોની સરખામણીમાં મહિલાઓની સંખ્યા ઓછી જોવા મળે છે, જે લિંગભેદ અને સામાજિક અસમાનતાનો નિર્દેશ કરે છે. પરંતુ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલું ગવાછી ગામ આ પ્રસ્થાપિત ધારણાથી તદ્દન વિપરીત ચિત્ર રજૂ કરે છે. અહીં પુરુષ અને મહિલા વસતીના આંકડા મહિલા સશક્તિકરણનું એક જીવંત ઉદાહરણ પૂરું પાડે છે, જ્યાં મહિલાઓનું પ્રમાણ પુરુષો કરતાં વધુ છે.ગામમાં શિક્ષણ ક્ષેત્રે મહિલાઓની સક્રિય ભાગીદારી જોવા મળે છે. ગામની જ પ્રતિક્ષાબેન ચૌધરીનું કોલેજમાં પ્રાધ્યાપક બનવું અને સંગીતાબેન ચૌધરીનું ગાંધીનગર સચિવાલયમાં વર્ગ-૨ના અધિકારી તરીકે કાર્યરત થવું એ પણ મહિલાઓને મળતા ઉચ્ચ શિક્ષણ અને વ્યાવસાયિક તકોનું ઉત્તમ ઉદાહરણ છે. આ સિદ્ધિઓ ગામની અન્ય દીકરીઓ અને મહિલાઓ માટે પ્રેરણારૂપ બની રહી છે. વળી, ગામમાં જાગૃતિ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી જેવી સંસ્થાઓનું અસ્તિત્વ પણ મહિલાઓની આર્થિક સક્રિયતા અને સ્વતંત્રતાનું પ્રતીક છે. મહિલાઓ માત્ર ઘરકાજ પૂરતી સીમિત ન રહેતાં આર્થિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિયપણે ભાગ લઈ રહી છે અને પરિવાર તથા ગામના વિકાસમાં યોગદાન આપી રહી છે.





## શાંતિનગર ફળિયા અને નિશાળ ફળિયામાં રસ્તાનું સમારકામ જરૂરી

ગામમાં લગભગ મોટા ભાગના રસ્તા પાકા બની ગયા છે. પરંતુ શાંતિનગર ફળિયા અને નિશાળ ફળિયામાં રસ્તો ખરાબ હોવાથી તેનું સમારકામ કરવું જરૂરી હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. આ ઉપરાંત ગામમાં ખેતરાડી વિસ્તારના રસ્તાઓની હાલત પણ ખરાબ છે. ચોમાસાને કારણે ખેડૂતોને ખેતરમાં જવાની તકલીફ પડે છે. જો કે, રસ્તા મંજૂર થઈ ગયા હોવાનું જણાવ્યું હતું. હાલ વરસાદને કારણે કામ ચાલુ થઈ શક્યું નથી એમ ગામના આગેવાન લલ્લુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.



## ગવાછી ગામના ચેકડેમ ઉપર ખેતીનો મદાર

ગવાછી ગામે મહત્તમ લોકો ખેતી સાથે જોડાયેલા છે. જેમને સિંચાઈ માટે પાણીની પણ સુવિધા ઉપલબ્ધ છે. ગામમાંથી પસાર થઈ રહેલી વરેહ નદી પર સરકારની મદદથી એક ચેકડેમ પણ બનાવવામાં આવ્યો છે. જે ચેકડેમ ગવાછી તેમજ આજુબાજુનાં ગામોમાં સિંચાઈ માટે લાભદાયી થાય છે.

## ગવાછી ગામનાં ફળિયાં પણ નામ સાથે જ ઓળખાય છે

ગવાછી ગામનાં ફળિયાં પણ નાની ગવાછી, નવી ગવાછી અને મોટી ગવાછી એમ ગામના નામ સાથે જ ઓળખાય છે. ગામનું એક ફળિયું નાની ગવાછી નદીને પેલે પાર આવેલું છે. આ ફળિયાં સાથે વર્ષોથી ચોમાસામાં સંપર્ક કપાઈ જતો હતો. જો કે, હવે અહીં 3.7 કરોડના ખર્ચે પુલ બનાવી દેવામાં આવતાં આ ફળિયું પણ ગામના મુખ્ય પ્રવાહ સાથે જોડાયું છે અને વિકાસની ગતિ પકડી છે.

(માહિતી સંકલન અને તસવીર: તુષાર નાયક)